==============================================================================

**મહુવાના મહે. એડી.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ ,સમક્ષ,મહુવા.**

**ફો.કે.નં. ૬૬૦/૨૦૨૫**

**આંક:–૧ લગત હુકમ**

પોલીસે કરેલ આ ચાર્જશીટ એક વર્ષ ઉપરાંતથી પેન્ડીંગ છે અને રેકર્ડની ચકાસણી કરતા આરોપીને સમન્સ/વોરંટની બજવણી માટે પુરતો પ્રયત્ન કરવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી અને નજીકના ભવિષ્યમાં પ્રોસેસની પબજવણી થઈ શકે તેમ જણાતુ નથી. પોલીસ એજન્સી આરોપીને હાજર રાખવામા નિષ્ફળ નિવેડેલ છે. આરોપી સામે હાલની ફરીયાદ પ્રોહીબીશન ના ગુન્હાને લગતી ફરીયાદ હોય અને કાયદા મુજબ સમન્સ ટ્રાયલ ઓફેન્સ હોય, ઈન્સાફી કાર્યવાહી વધુ સમય સુધી પન્ડીંગ રાખવાથી કોઈ ફળદાયક પરીણામ નિકળે તેમ નથી. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ગુજરાત રાજય વિ.ઈબ્રહીમ લાધા એ.આઈ.આર ૧૯૭૧. (ગુજરાત) ૧૪૮ ના ચુકાદામા જણાવેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ ન્યાયના વિશાળ હીતમા ક્રીમીનલ પ્રોસીજર કોડની કમલ:– ૨૫૮ ધ્યાને લેતા ન્યાના હીતમા નિચે મુજબનો હુકમ કરવામ આવે છે.

**–:: હુ ક મ : :–**

૧. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ:–૨૫૮ અન્વયે ફરીયાદના કામે આરોપી વિરૂઘ્ધ મુકેલ તહોમત અંગેની ઈન્સાફી કાર્યવહી બંધ રાખી, આરોપીને બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. સદરહું હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હહુકમ આજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ સ્પેશયલ સીંટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૩/૨૦૨૬<br>
મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)<br>
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,મહુવા<br>
કોડ નં.જીજે૦૧૬૨૩

એ.એમ.વાળા

==============================================================================